શહેરના પ્રતાપનગર બ્રિજ પાસે તંત્રની રહેમ નજર હેઠળ ગેરકાયદેસર દબાણ-બાંધકામ કરનાર

બિલ્ડરના ઈશારે નાચતા તંત્ર સામે વિજિલન્સમાં રજૂઆત

વડોદરા, તા.૩

શહેરના પ્રતાપનગર બ્રિજ પાસે શેઠજી અને અઝરઅલીની ચાલના અંદર જવાના માર્ગમાં દબાણ અને બાંધકામ કરનાર બિલ્ડરના ઈશારે નાચતા તંત્ર સામે ગાંધીનગર વિજિલન્સમાં રજૂઆત કરવામાં આવી છે જેમાં આ મામલે પાલિકાના સંબંધિત વિભાગથી ઉચ્ચકક્ષાના અધિકારી સુધીનું વલણ શંકાસ્પદ હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે જેને લઈને એક વર્ષથી ગેરકાયદેસર દબાણ અને બાંધકામની બાબત પુરવાર થઈ હોવા છતાં પણ તંત્ર દ્વારા કોઈપણ પ્રકારના પગલાં લેવાતાં નથી. બલકે, ઊલટા ચોર કોટવાલ કો દંડેની માફક ફરિયાદીઓને નોટિસ પાઠવી ડરાવવા-ધમકાવવાનો પ્રયાસ કરે છે. આ અંગે શ્યામ એસ.અમ્બીકેના એડ્વોકેટ શૈલેષ અમીને ફરિયાદ કરી છે. તેમ છતાં જાડી ચામડીના તંત્ર દ્વારા બિલ્ડર સામે કોઈ પગલાં લેવાતાં નથી એવો આક્ષેપ કર્યો છે.

તેઓએ જણાવ્યું છે કે, વડોદરામાં પ્રતાપનગર બ્રિજની બાજુમાં આવેલ શેઠજીની ચાલ અને અઝરઅલીની ચાલમાં અંદર જવાના બંને રસ્તાઓની વચ્ચે આવેલ જમીન કે જેનો રે.સ.નં. ૨૨૪ પૈકી ટીકા નં.૩૩/૭ કે જેનો સિટી સર્વે નં.૩૨૯૮, ૩૩૦૭/૧ અને ૩૩૦૧ છે, તે જમીનમાં મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગે રજા ચિઠ્ઠી નં. વોર્ડ ૫/૨૮૪/૨૦૧૮થી તા. ૨૮-૩-૨૦૧૮ના રોજ બાંધકામ પરવાનગી આપેલ છે. ખરેખર આ જગ્યા વોર્ડ નં.૫માં આવેલ છે છતાંય વોર્ડ નં.૪માંથી બાંધકામ પરવાનગી આપવામાં આવેલ છે. આ ચાલના દબાણોને લઈને આ ચાલમાં જ રહેતા સિનિયર ધારાશાસ્ત્રી કમલભાઈ પંડયાએ પણ આ બાંધકામ ગેરકાયદેસર કરાઈ રહેલા હોવાની વારંવાર લેખિત ફરિયાદ કરેલ હતી. ચાલીના રહીશોએ ગેરકાયદેસર બાંધકામ અંગેની ફરિયાદો આપતાં ફરિયાદીઓને બીવડાવી તેમનું મોઢું બંધ કરવા માટે ગેરકાયદેસર બાંધકામ કરનાર

અને પાલિકાના બાંધકામ પરવાનગી વિભાગના અધિકારીઓએ ભેગા મળી ગાયકવાડી જમાનાથી આ ચાલીમાં રહેતા ફરિયાદીઓને તેમના ઘર ગેરકાયદેસર હોવા અંગેની નોટિસ આપેલ હતી.

ગેરકાયદેસર અને ચાલીમાં જવાના રસ્તા પર દબાણ કરી કરાઈ રહેલા બાંધકામથી ચાલીમાં કોઈ ઈમરજન્સી આવે તો એમ્બ્યુલન્સ કે ફાયર ફાઈટર આવી શકશે નહીં તેવી લેખિત ફરિયાદ કરાઈ હતી. આ બાદ રોડનું દબાણ કરી ગેરકાયદેસર બાંધકામ કરનારને બચાવવા માટે ટાઉન ડેવલપમેન્ટ ઓફિસર દ્વારા મ્યુનિ. કમિશનરને સંબોધીને પત્ર લખેલ છે કે આ ચાલના રહીશો અને સિનિયર ધારાશાસ્ત્રી કમલેશભાઈ પંડયાની ફરિયાદ અંગે તપાસ કરતાં બધુ બરાબર હોઈ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

એડ્વોકેટ શૈલેષ અમીન દ્વારા મંજૂર થયેલ નકશા કરતાં વાસ્તવિક બાંધકામ, ગેરકાયદેસર રીતે ખૂબ વધુ છે અને રોડ રસ્તાનું દબાણ છે તેની ફરિયાદ કરેલ. ગેરકાયદેસર બાંધકામ કરનારે જનરલ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશનના નિયમનું ઉલ્લંઘન કરી હજુ પ્લીન્થ ચેકિંગ સર્ટિફિકેટ લીધા વગર ચાર માળનું મકાન બાંધી દીધેલ છે. જેમાં ઓટીએસ રાખેલ નથી જે અત્યંત જોખમી અને ગેરકાયદેસર ગણાય તેને દૂર કરવા લેખિત માગ કરેલ અને સ્વયં વડોદરાના મ્યુનિ. કમિશનરે રજૂઆત કરેલ. પાલિકાના ટાઉન ડેવલપમેન્ટ ખાતાના સર્વેયર સહિતનાઓએ સ્થળ ઉપર બાંધકામની માપણી કરેલ અને કરેલા હયાત બાંધકામની માપણી મુજબનો નકશો બનાવેલ જેના ઉપરથી સ્પષ્ટ જણાઈ આવેલ કે આગળ રોડ માર્જિન છોડેલ નથી અને બાજુના રોડ-રસ્તા ઉપર દબાણ કરેલ છે.

વડસરબ્રિજ પાસેના કેનેરા બેંકના એટીએમ સેન્ટરમાં મધરાત્રે

સીસી કેમેરા પર કાળો સ્પ્રે કરીને એટીએમ તોડવાનો પ્રયાસ કરાયો

વડોદરા.તા.૩

શહેરના વડસર બ્રિજ પાસે આવેલા કેનેરા બેંકના એટીએમ સેન્ટરમાં ગત મોડી રાત્રે ત્રાટકેલા યુવાન તસ્કરે સેન્ટરના સીસીટીવી કેમેરા પર કાળા રંગનો સ્પ્રે છાંટ્યા બાદ એટીએમ તોડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે અડધા કલાક સુધી એટીએમ તોડવાની મથામણ બાદ પણ કોઈ સફળતા નહી મળતા તસ્કર કંટાળીને ફરાર થયો હતો.

વડસર બ્રિજ પાસે આવેલા સનપ્લાઝા-૨માં આવેલા કેનેરા બેંકના એટીએમ સેન્ટરમાં ગત રાત્રે ૨.૩૫ વાગે એક બુકાનીધારી યુવક એટીએમ તોડવા માટે ઘુસ્યો હતો. તેણે પોતાની કરતુતો અને ચહેરો સીસીટીવી કેમેરામાં કેદ ના થાય તે માટે મશીન પર ચઢીને સીસીટીવી કેમેરા પર કાળા રંગનો સ્પ્રે છાંટ્યુ હતુ. ત્યારબાદ તેણે એટીએમમાં જ્યા રોકડ મુકાતી હોય છે તેની ઉપર લગાવેલા કવર સ્ક્રુ ડ્રાઈવરથઈ ખોલી નાખ્યું હતું. જોકે ત્યારબાદ તેણે એટીએમ તોડવા માટે ભારે મથામણ કરી હતી પરંતુ તે એટીએમની અંદર રોકડ ભરેલી હોય છે ભાગ સુધી પહોંચી શક્યો નહોંતો. અડધો કલાક સુધી મથામણ કરીને થાકેલો તસ્કર યુવક આખરે કંટાળીને રવાના થયો હતો. દરમિયાન આજે સવારે આ બનાવની બેંક સત્તાધીશોને જાણ થતાં તેમણે આ બનાવની માંજલપુર પોલીસને જાણ કરી હતી. એટીએમ તોડવાના પ્રયાસની જાણ થતાં જ ચોંકી ઉઠેલી પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસ અને બેંક સત્તાધીશોની પ્રાથમિક તપાસમાં એટીએમની અંદર મુકેલી તમામ રોકડ સહિસલામત હોવાની જાણ થઈ હતી. જોકે તસ્કરે એટીએમ તોડવાનો પ્રયાસ કરી મશીનને આશરે ૩૦ હજારથી વધુનું નુકશાન પહોંચાડ્યું હોઈ આ બનાવની રવિશકુમાર મોહને અજાણ્યા તસ્કર વિરુધ્ધ માંજલપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે એટીએમ સેન્ટર તેમજ તેની આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે તસ્કર યુવકની શોધખોળ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આ સેન્ટર પર રાત્રે કોઈ વોચમેન કે ગાર્ડ ન હોઈ પોલીસે આ બાબતની ગંભીર નોંધ લઈ બેંક સત્તાધીશોને નાઈટ વોચમેન રાખવા સુચના આપી હતી.

ડેસરના વરસડા ગામે તસ્કરોએ હાથફેરો કરી રૂા.૧.૮૬ લાખના દાગીના ચોરી ગયા

વડોદરા, તા.૩

જિલ્લાના ડેસર તાલુકાના વરસાડ ગામે રોહિત ફળિયામાં રહેતો ખેડૂત જગદીશભાઈ પલાભાઈ રોહિત સાથે ગત તા.૩૧મી મેના રોજ રાત્રે જમી-પરવારી ટીવી પ્રોગ્રામ જોઈને અલગ અલગ રૂમોમાં પુત્ર-પુત્રવધૂ અને ખેડૂત-ખેડૂત પત્ની સૂઈ ગયા હતા. જ્યારે વૃદ્ધ માતા-પિતા આગળના રૂમમાં સૂતા હતા તે દરમિયાન તેઓના મકાનના પાછળના ભાગે આવેલી જાળીવાળો દરવાજો તોડી તસ્કરો ઘરમાં ઘૂસ્યા હતા અને મકાનમાં મુકેલી તિજોરી તોડીને તેના ડ્રોઅરમાં રાખેલા સોના-ચાંદીના દાગીના કિંમત રૂા.૧.૮૬ લાખના તસ્કરો ચોરી કરી ભાગી ગયા હતા. બીજા દિવસે સવારે ખેડૂત જગદીશભાઈ રોહિત સવારે વહેલી ઊઠીને જોતાં ઘરના પાછળનો દરવાજો તૂટેલો હાલતમાં જોતાં જ ચોંકી ઊઠ્યા હતા અને તપાસ કરતાં તિજોરીમાંથી સોના-ચાંદીનાના દાગીના સાફ કરી તસ્કરોએ ચોરી કરી હોવાની જાણ થઈ હતી. ખેડૂત જગદીશ રોહિતે ડેસર પોલીસમાં આ બનાવની ફરિયાદ નોંધાવી હતી.

શહેરના વાસણા-કોતરિયા ગામે જુગાર રમતાં પાંચ પકડાયા

વડોદરા, તા.૩

વડોદરા તાલુકાના વાસણા કોતરીયા ગામે રહેતા ખેડૂત રણજિતસિંહ કેસરીસિંહ ગોહિલના ખેતરમાં ખૂલ્લામાં પત્તા-પાનાનો જુગાર રમાતો હોવાની બાતમી મળતાં તાલુકા પોલીસે ગત મધરાતે છાપો માર્યો હતો અને જુગાર રમતા ખેલીઓના કુંડાળાને ઘેરી લીધું હતું. પોલીસે જુગાર રમતાં ખેતરમાલિક રણજિતસિંહ ગોહિલ સહિત નટુ ડાહ્યાભાઈ ગોહિલ, અરવિંદ ભયજીભાઈ મકવાણા, રમેશ રણછોડભાઈ મકવાણા (રહે. વાસણા કોતરિયા ગામ, તા.જિ. વડોદરા) અને અશોક ભયજીભાઈ ચૌહાણ (સોખડા ગામ, તા. જિ. વડોદરા) મળીને પાંચ જણાની ધરપકડ કરી હતી. પોલીસે જુગારના દાવ પરથી રોકડા ૫૯૯૦, અંગઝડતીના રોકડા રૂા. ૫૦૫૦ મળીને રોકડ ૧૧૦૪૦ તથા એક મોબાઈલ મળીને કુલ રૂા.૧૨૦૪૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને પકડાયેલા પાંચેય આરોપીઓ વિરુદ્ધ તાલુકા પોલીસમાં ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

વિદ્યાર્થીઓના ભાવિને ધ્યાનમાં રાખી કલાસીસ ચાલુ રાખો

વડોદરા, તા.૩

વડોદરા મહાનગરપાલિકાના તંત્ર દ્વારા સુરતના સરથાણા વિસ્તારમાં આવેલ તક્ષશીલા આર્કેડના કોચિંગ કલાસમાં આગની દુર્ઘટના બનવા પામી હતી. ત્યાર બાદ વડોદરા શહેરના તમામ કોચિંગ કલાસ પર ત્રાટકીને એનઓસીના મામલે સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ બાબતમાં તંત્રે કાચું કાપ્યાના આક્ષેપો થઈ રહ્યા છે. વિદ્યાર્થીઓના ભાવિને ધ્યાનમાં રાખીને ટ્યૂશન કલાસ ચાલુ વિપક્ષી નેતા ચંદ્રકાન્ત શ્રીવાસ્તવે (ભથ્થુ) કરી છે. તેઓએ આ બાબતે તંત્રને કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે, 'કરે કોઈ અને ભરે કોઈ' એ ક્યાંનો ન્યાય છે. સંસ્કારીનગરીમાં તો શિક્ષણના હિતમાં પગલાં લેવામાં આવે એ જરૂરી છે. તેઓએ જણાવ્યું છે કે, સર સયાજીરાવ ગાયકવાડના સમયમાં જે રીતે સુવિધાઓ પૂરી પાડવામાં આવતી હતી તે રીતે સુવિધાઓ પ્રસ્થાપિત કરવી જોઈએ અને અત્યારે હાલમાં ટ્યૂશન કલાસીસને ફાયરની એનઓસી વહેલીતકે આપવામાં આવે એવી અમારી માગ છે.

શહેરમાં ચાલતા જુદા જુદા ૧૨૦૦ કલાસના સંચાલકો આજવા રોડ ખાતે આવેલ પંડિત દીનદયાલ ઉપાધ્યાય હોલમાં ભેગા થયા હતા. તેમાં આકસ્મિક રીતે સંજોગોવસાત્ આગ લાગે તો તેમાંથી કેવી રીતે સલામતપૂર્વક બચી શકાય તેના નિર્દેશન સાથે બતાવવામાં આવ્યું હતું. સુરતની આગની ઘટનામાં નિર્દોષ બાળકોએ પ્રાણ ગુમાવ્યા હતા તેને લઈને શહેરની અંદર આવેલ બધા ટ્યૂશન કલાસીસના લાઈટના કનેકશન કાપી નાખી કલાસીસને સીલ મારવામાં આવ્યા.

ફાયર સેફટીના સાધનો મૂકવા બાબતે જે પ્રમાણે વહીવટી તંત્ર ત્રાટકયું અને ૧૫ દિવસથી કલાસીસને સીલ મારેલા છે અને જે પદ્ધતિથી કાર્યવાહી ચાલે છે તે પ્રમાણે એક એક દિવસમાં ૩૦ જેટલી એનઓસીની ફાઈલોનો નિકાલ કરતા હોય છે. વડોદરા શહેરમાં અંદાજિત ૨૬૦૦ જેટલા કલાસીસ છે તો પછી આ એનઓસીની આપવાની કાર્યવાહી કયારે પૂરી થશે? અત્યારે જુદી જુદી પરીક્ષાઓ આવી રહી છે, ત્યારે આ ટ્યૂશન કલાસો સામે આ પ્રમાણેની કાર્યવાહી કરવી કેટલી યોગ્ય છે તે સમજાતું નથી.

વડોદરા શહેરમાં પણ જે એનઓસી નથી આપી અથવા તો જે પ્રમાણેની બાંધકામની પરવાનગી આપવી જોઈએ તે પ્રમાણે કાર્યવાહી કરી નહીં તાત્કાલિક કલાસીસમાં ભણતા વિદ્યાર્થીઓને બહાર કાઢીને કનેકશનો કાપીને કલાસને સીલ મારી દીધા તે ગેરવાજબી છે. અસલ ગુનેગાર કોઈ હોય અને સજા કોઈ અન્યને ભોગવવી પડે એ દુઃખદ બાબત છે. જે લોકોએ આજદિન સુધી એનઓસી નહીં આપી તેના ઉપર પગલાં લેવા જોઈએ અને કલાસના સીલ ખોલી દેવા જોઈએ અને અભ્યાસ કરતા બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને શિક્ષણ ચાલુ કરવું જોઈએ.

પહેલા પાનનું અનુસંધાન

થાવાણીની 'લુખ્ખાગીરી'...

ઘરે પહોંચી ગયા હતા અને માફી માંગી હતી. માફી માંગવા ઉપરાંત તેમણે પીડિત મહિલા પાસે રાખડી પણ બંધાવી હતી. રાખડી બંધાવી બલરામ થાવાણીએ પીડિત મહિલાને પોતાની નાની બહેન ગણાવી હતી. એટલું જ નહીં મહિલા પાસે રાખડી બંધાવ્યા બાદ પીડિતાનું મોઢું પણ મીઠું કરાવ્યું હતું.

સમાધાન પછી ધારાસભ્ય બલરામ થાવાણીએ મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, કાલે જે ઘટના બની હતી. જે ગેરસમજણ હતી. તે પૂરી થઈ ગઈ છે. આ મારી નાની બહેન સમાન છે. કાલે મારાથી જાણતા-અજાણતા જે ભૂલ થઈ ગઈ. મેં બહેનને કીધું મારી ભૂલ થઈ ગઈ. અમે સમાધાન કરી લીધું છે. મેં મારી નાની બહેનને કીધું છે. તમારો ભાઈ બેઠો છે. કોઈ પણ કામકાજ માટે હું બેઠો છું. મહિલાને લાતો માર્યા બાદ સમાધાન કરી લેનારા ભાજપના ધારાસભ્ય પ્રત્યે ચોતરફથી ફિટકાર વરસી છે. આ મામલે કોંગ્રેસ પણ આક્રમક બની છે, એટલું જ નહીં રાજ્યના મહિલા આયોગે પણ પોલીસ કમિશ્નરને આ મામલે રિપોર્ટ સોંપવાનું જણાવ્યું હતું. બીજી તરફ લોકોમાં ચર્ચા જાગી હતી કે લાતો મારીને રાખડી બંધાવનાર આ તો કેવી ભાઈ છે.

જોકે, અહીં બીજી હકીકત એવી છે કે ચારે તરફથી દબાણ બાદ સવારે માફી નહીં માંગવાની હુંકાર કરનારા ભાજપના ધારાસભ્યએ સાંજે પીડિત મહિલાના ધર્મના ભાઈ બનવું પડ્યું છે. પીડિતાના હાથે રાખડી બંધાવી ભાજપના ધારાસભ્યએ તેણીના આશીર્વાદ પણ આપવા પડ્યા છે.

મહિલાને માર...

પણ બહેનોની મર્યાદા જાળવતા હતા પરંતુ ભાજપના નેતાઓ જાળવતા નથી. આ ઘટનાથી આખા ગુજરાતનું માથું શરમથી ઝૂકી ગયું છે. આ મામલે તાત્કાલિક કાર્યવાહી કરવી જોઈએ નહીં તો મહિલાઓ આંદોલન પર ઉતરશે. મહિલાઓ આંદોલન પર ન ઉતરે તે જોવાનું કામ સરકારનું છે.

આ ઘટના શરમજનક છે : બીજેપી

આ અંગે બીજેપીના પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું કે, આ ખરેખર નિંદનીય બનાવ છે. આ મામલે પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ ધારાસભ્ય બલરામ થાવાણીને ફોન કરીને ઠપકો આપ્યો છે, તેમજ તેમને માફી માંગવા માટે કહ્યું છે.

માલેગાંવ બ્લાસ્ટ કેસ...

અને આ બેઠક પર તેમણે મધ્યપ્રદેશના બે વખત મુખ્યમંત્રી રહી ચૂકેલા દિગ્વિજય સિંઘને હાર આપી હતી. આ અગાઉ અદાલતે કેસમાં આરોપી લેફટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિત અને સુધાકર ચતુર્વેદીને ૨૧મી મેના રોજ કોર્ટમાં તેમની હાજરથી છૂટ આપી હતી.

નોંધનીય છે કે માલેગાંવ વિસ્ફોટ કેસની સુનાવણી કરી રહેલી વિશેષ અદાલતે પ્રજ્ઞા સિંઘ ઠાકુર અને લેફટનન્ટ પુરોહિત સહિત તમામ સાત આરોપીને અઠવાડિયામાં એક વાર તેમની સમક્ષ હાજર રહેવાનો આદેશ આપ્યો છે.

છેલ્લા પાનનું અનુસંધાન

એનઆરઆઈ...

પાવર ઓફ એટર્ની કરવાનાં ગુનામાં શહેરનાં આજવા રોડ ઉપર આવેલી જયયોગેશ્વર સોસાયટીમાં રહેતા અને આ કાવતરામાં સંડોવાયેલા અડવોકેટ ૬૭ વર્ષીય સશીકાંન્ત નટવરલાલ પટેલની રવિવારનાં રોજ રાત્રિનાં અટકાયત કરી હતી.

આખરી...

આજે મહત્તમ તાપમાન ૪૦.૬ ડિગ્રી સેન્ટીગ્રેડ નોંધાયુ હતુ. જ્યારે લઘુત્તમ તાપમાન વધીને ૨૯.૦ ડિગ્રી સેન્ટીગ્રેડ નોંધાયુ હતુ. સવારે હવામાં ભેજનુ પ્રમાણ ૭૨ ટકા જે સાંજે ઘટીને ૩૨ ટકા જ્યારે હવાનુ દબાણ ૧૦૦૧.૧ મિલીબાર્સ અને દક્ષિણ-પશ્ચિમ તરફ ફૂંકાયેલા પવનની સરેરાશ ગતિ પ્રતિકલાકના ૧૪ કિ.મી. નોંધાઈ હતી. હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં તા.૨૦મીની આસપાસ મેઘરાજા આગમન કરે તેવી શક્યતા છે.

નરસાલીમાં...

કુલ બે ગોળી વાગી હતી. બે ગોળીઓ વાગતા સુમિત લોહીલુહાણ થયો હતો. ઈજાગ્રસ્ત સુમિતને તુરંત પરિવારજનોએ મકરપુરા રોડ પર ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

બીજીતરફ ફાયરીંગના ધડાકા સાંભળીને આસપાસના રહીશો પણ પાનના ગલ્લા પર દોડી ગયા હતા. પીએસઆઈએ સ્થાનિક યુવક પર નજીવી તકરારમાં ફાયરીંગની વાત સાંભળીને ટોળું ઉશ્કેરાયું હતું. ટોળું ભેગું થતા જ પીએસઆઈ ચુડાસમા તેમની બુલેટ ઘટનાસ્થળે છોડીને પલાયન થયા હતા. બીજીતરફ પીએસઆઈ દ્વારા પાંચ રાઉન્ડ ફાયરીંગની ઘટનાની જાણ થતાં ચોંકી ઉઠેલા પોલીસ ઉચ્ચાધિકારીઓ સહિત મકરપુરા પોલીસનો સ્ટાફ પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ટોળાંને વિખેરીને મામલો થાળે પાડ્યો હતો. જોકે આ બનાવના પગલે સ્થાનિક રહીશોમાં પોલીસ સામે ઉગ્ર રોષ ફેલાયો છે.

નામ બદલેલ છે

જુનું નામ મકવાણા પુષ્પાબેન ધુળાભાઈ નવું નામ ઝાલા પુષ્પાબેન ધિરસિંહ

સરનામું : મુ.પો. શેરખી, મોટો ભાગ, તા.જી.વડોદરા. પીન : ૩૯૧ ૩૩૦

પશ્ચિમ રેલવે

પી.ઓ.એચ. વેગન્સની માળખાકીય સુવિધામાં સુધાર

નાયબ મુખ્ય ઈજનેર (બાંધકામ) II, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦૦૦૪, નીચે મુજબના કામ માટે ભાવ-પત્રક આમંત્રિત કરે છે. I) **ઇ-ટેન્ડર નંબરઃ ડીવાય.સી.ઇ./સી/બી.આર.સી./પી.આર.ટી.એલ.-ડબ્લ્યુ.એસ./૦૫. કામનું નામ: ભાગ-એ:** વડોદરા ડિવિઝનઃ પ્રતાપનગર-કારખાને ૯ સી.એન.એચ.એલ. વેગન્સના પી.ઓ.એચ. માટેની માળખાગત સુવિધામાં સુધારો વધારો કરવો. (અમ્બ્રેલા વર્ક) અને **ભાગ-બી.:** એક લાખ લિટરની આર.સી.સી.ની ઓવરહેડ ટાંકીનું, અંડર ગ્રાઉન્ડ સંગ્રહની ટાંકી, પંપ રૂમ, વરસાદી પાણીના સંગ્રહની વ્યવસ્થા અને ૨૦૦ બી.સી.એન.એચ.એલ. વેગનોની સામાયિક મરામત, માળખાકીય સુવિધાની રચના સાથેની પાઈપ લાઈન સહિત બાંધકામ. **કામની અંદાજિત રકમ:** રૂ.૩૫૯.૨૯ લાખ. **બોલી માટે ઓનલાઈન ટેન્ડરની ઉપલબ્ધિઃ** ૧૧.૦૬.૨૦૧૯ ૧૧.૦૦ કલાકથી ૨૫.૦૬.૨૦૧૯ના રોજ ૧૫.૦૦ કલાક સુધી. **ખુલવાની તારીખ અને સમય** ૨૫.૦૬.૨૦૧૯ના રોજ ૧૫.૩૦ કલાકે. **ટેન્ડરની વિગતવાર માહિતી માટે અમારી વેબ-સાઇટની મુલાકાત લો:** www.ireps.gov.in હાથે લખીને મોકલાવેલ પ્રસ્તાવ ધ્યાને લેવામાં નહીં આવે.

અમને લાઈક કરો: facebook.com/WesternRly

PUBLIC NOTICE

This Public Notice is hereby given on behalf of Mrs. Suryakala alias Kalavathy Bhagavath alias B.Kalavathy alias Kalavathy, Hindu Female, Aged 66 Years, Wife of Mr.G.Bhagavath Singh resident of B-104, Ashwin Tower, Nakshatra Heights, Subhanpura, Vadodara, Gujarat. (hereinafter referred to as 'Our Client')

A. That, our Client and Mr.G.Bhagavath Singh are wife and husband, respectively, of each other and have a son named Mr.Rakhesh Bhagavath.

B. That, said Mr.Rakhesh Bhagavath has duped, cheated, defrauded and swindled his own mother, i.e., our Client by fraudulently and deceitfully obtaining signature of our Clienton Power of Attorney in his favour for sale of the immovable property situated at Plot No. C-96 Part, Door No.58, Nanganallur 45th Street, Nanganallur, Chennai - 600061 (admeasuring 1228.5 Square Feet of land and entire building standing thereon). The said Mr.Rakhesh Bhagavath, with ulterior motive of duping, defrauding and swindling our Client, prepared the Power of Attorney and some other documents in English language and fraudulently obtained signature of our Client on the same and got those documents executed. Our Client was not aware that the documents on which Mr. Rakhesh Bhagavath has illegally, deceitfully and fraudulently obtained our Client's signature are Power of Attorney for sale of abovementioned immovable property.

C. That, our Client later came to know that the documents on which said Mr.Rakhesh Bhagavath has fraudulently, deceitfully, unlawfully and illegally obtained signature of our Client is a Power of Attorney dated 7/8/2018 for sale of above mentioned immovable property in his favour and affidavit dated 18/1/2019 in support there of. Both these documents i.e., Power of Attorney dated 7/8/2018 and the Affidavit dated 18/1/2019 are void ab initio, illegal, unlawful and unenforceable from the beginning. All the acts done by Mr.Rakhesh Bhagavath on the basis of such void ab initio, illegal, unlawful and unenforceable Power of Attorney and affidavit are also void, illegal, unlawful and unenforceable and not binding to our Client.

D. That, our Client is taking legal actions against said Mr.Rakhesh Bhagavath and against all those persons who have supported him and / or connived with him in any manner whatsoever. Whoever has dealt with Mr.Rakhesh Bhagavath on the basis of the Power of Attorney dated 7/8/2018 and the Affidavit dated 18/1/2019 in support thereof shall also be liable for legal actions.

It is hereby notified accordingly.

Place : Vadodara
Date: 03-06-2019

Under the instructions from and on behalf of our Client :

K.B. Golani
Rajendra K. Golani
Advocates
44, SushilPark, Near Garden, Near WaterTank, Akota, Vadodara - 390020.
Mobile : 09824050783

વડોદરા મહાનગર પાલિકા

જાહેર સુચના

આથી વડોદરા મહાનગર પાલિકાના હદ વિસ્તારમાં પાર્કીંગ પોલીસી અને પાર્કીંગ બાયલોઝ બનાવવા માટે જી.ડી.સી.આર.ની જોગવાઇઓ અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ,૧૯૬૩ ની જોગવાઇઓ ધ્યાને લઇ પાર્કીંગ પોલીસી અને પાર્કીંગ બાયલોઝ બનાવવા માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગર ના પત્ર અન્વયે જાહેર સ્થળો/રોડ/રસ્તાઓ બાબતે પાર્કીંગ પોલીસી બનાવી ને જી.પી.એમ.સી.એક્ટ હેઠળ વિહિત કરવાનું હું મ્યુનિસિપલ કમિશનર, વડોદરા વિચારું છું. જેથી આ બાબતે જે કોઇ શખ્સને તે બદલ સુચનો/વાંધાઓ હોય તો દિન-૩૦માં પોતાના લેખિત વાંધાઓ સભા સેક્રેટરીશ્રી, વડોદરા મહાનગર પાલિકા કાર્યાલયમાં મોકલી આપવા.આ અંગે કોઇ માહિતી જોઇતી હશે તો તે રજા સિવાયના દિવસોમાં મહાનગરપાલિકા ઓફિસમાં ડે.ટી.ડી.ઓ.(બી.પી.)ની કચેરી રૂમ નં.૩૦૨માં ઓફિસ સમયમાં ૩.૩૦ થી ૪.૩૦ કલાક સુધી જોવા મળી શકશે. જેની નોંધ લેવા વિનંતી છે.

www.vmc.gov.in
પી.આર.ઓ.નં. ૧૨૪/૧૯-૨૦ મ્યુનિસિપલ કમિશનર

જાહેર નિવિદા

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, બાલાસિનોર તા.બાલાસિનોર કચેરીએથી ઓનલાઈન ટેન્ડર માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી શોપ કમ ગોડાઉન નંગ-૧૮ના બાંધકામ માટે ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડરના દસ્તાવેજ **www.nprocure.com** ની સાઈટ ઉપર જોવા મળશે. ઈજારદારશ્રીઓ ઓનલાઈન વેબસાઈટ **www.nprocure.com** ઉપર ટેન્ડર ભરવાના રહેશે. ટપાલ કે રૂબરૂ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં. સંબંધિત ઈજારદારશ્રીઓ શ્રેણી તથા અન્ય શરતો વેબસાઈટ ઉપરની ટેન્ડર નોટીસ ઉપર દર્શાવવામાં આવેલ છે. ભાવ મંજુર કરવા કે નહીં તેની આખરી સત્તા સક્ષમ અધિકારીશ્રીની રહેશે. ઈ-ટેન્ડરીંગ અંગેનું સમય પત્રક નીચે મુજબ છે.

૧. ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડની તારીખ : ૫-૬-૨૦૧૯
બપોરે ૧૨.૩૦ કલાકે
૨. ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ : ૧૯-૬-૨૦૧૯
બપોરે ૧૨.૩૦ કલાકે
૩. ટેન્ડર ફી ડી.ડી. તથા ચેક બાનાની રકમ અને રજીસ્ટ્રેશન તથા અન્ય દસ્તાવેજો કચેરીમાં રજૂ કરવા તારીખ આખર તારીખથી દિન-૩માં આર.પી.એડી.થી તથા ઈએમડી તથા ટેન્ડર ફીના ડીમાન્ડ ડ્રાફટ, બેંક સોલવન્શી રજીસ્ટ્રેશન, જી.એસ.ટી. નંબર સર્ટીફીકેટ, અનુભવનું સર્ટીફીકેટ સ્કેન કરી ઈલેકટ્રીક ફોર્મેટમાં અપલોડ કરવાના રહેશે.

પટેલ હરેશકુમાર બાબુલાલ
ચેરમેનશ્રી
પટેલ કેતુલકુમાર રમેશચંદ્ર
સેકેટરીશ્રી
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, બાલાસિનોર

ફોર્મ નંબર ૧૬

ઋણ વસૂલાત ન્યાય પંચ-II મુંબઈ

(ભારત સરકાર, નાણાં મંત્રાલય)

ત્રીજો માળ, એમ.ટી.એન.એલ, કોલાબા કોઝવે શાખા, કોલાબા, મુંબઈ ૪૦૦ ૦૦૫

ચલિત અસ્થાયી મિલકતની જપ્તીનો હુકમ

આવનાર તારીખઃ ૧૭.૦૬.૨૦૧૯
પ્રદર્શન નંબર.૧૧૯

આર.પી.નંબર. ૨૦૦૫ નો ૧૫

સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા ...પ્રમાણપત્ર ધરાવનાર

વિરુધ્ધ

મેસર્સ પાયોનિયર ઓટો લેમ્પસ અને બીજાઓ .....પ્રમાણપત્ર દેણદાર

પ્રતિ,
૧. મેસર્સ પાયોનિયર ઓટો લેમ્પ,
૩૦૭, બુસા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, શંકરરાવ નરમ પથ, લોઅર પરેલ, મુંબઈ ૪૦૦૦૧૩.
૨. શ્રી રજનીકાંત પી. મહેતા
૩. શ્રી પ્રશાંત આર. મહેતા
૪. શ્રીમતી ઇચ્છાલક્ષ્મી આર. મહેતા
૫. શ્રી મુકેશ એસ. મહેતા
૬. શ્રી નિલિત એસ. ઠિનારીવાલા

તમામ, ધાસવાલા બિલ્ડીંગ, ૯/૧૨ અંધેરી કુર્લા રોડ નિવાસી, અંધેરી (પૂર્વ), મુંબઈ ૪૦૦૦૬૯

જ્યારે તમો મેસર્સ પાયોનિયર ઓટો લેમ્પસ લિમિટેડ (પ્રમાણપત્ર દેણદાર) બીજા પાંચ સહિત (દેણદાર ૧ થી ૬) ૩,૬૪,૫૦,૬૭૩.૯૯ (રૂપિયા ત્રણ કરોડ ચોસઠ લાખ પચાસ હજાર છસો તોત્તેર અને નવ્વાણુ પૈસા) વ્યાજ સહિત, પ્રમાણપત્ર, ૨૦૦૧ ના ઓ.એ. માં ૨૦૦૧ના નં. ૪૨૦ ૨૦૦૫ના નં.૧૫ મુજબ પ્રિસાઈડિંગ ઓફિસરના પ્રમાણપત્ર મુજબ, ચૂકવવામાં નિષ્ફળ ગયેલ છો.

આથી તમને આ મિલકતો કોઈ પણ રૂપે કોઈને વેચવા, નં.-બદલ કરવા, ભેટ આપવા કે કબજો સોંપવા પ્રતિબંધ ફરમાવવામાં આવે છે અને જાહેર જનતાને તેમ ન કરવા જણાવવામાં આવે છે.

મિલકતની યાદી

પ્લાન્ટ અને કોમ્પ્રેસર મશીનરી, શેપિંગ મશીન, માઈલિંગ મશીન, કટિંગ મશીન, લેથ મશીન, ડ્રિલિંગ મશીન, ૩ પ્રેસ મશીન, હાયડ્રોલિક પ્રેસ મશીન, ૨ પાવર પ્રેસ મશીન, ગ્રાઈન્ડર મશીનો, પેનલ બોક્સ, ઈલેક્ટ્રીક પેનલ, ઈલેક્ટ્રીક ભઠ્ઠો વિગેરે તેમજ ફર્નિચર અને ગોઠવણો.

૩૧ મે ૨૦૧૯ ના રોજ મારા હાથે ટ્રિબ્યુનલના સીલ સાથે આપવામાં આવી.

સીલ

એસ.ડી.
(સુજીત કુમાર) આઈ/સી. ઋણ વસૂલાત અધિકારી
ઋણ વસૂલાત ન્યાય પંચ-I, મુંબઈ

Axel Polymers Limited

CIN: L25200GJ1992PLC017678
Regd. Off: S. No. 309, Vil. Mokshi, Tal Savli, Dist Vadodara 391780
Telefax: +91 2667 244395, Website: www.axelindia.com Email: cs@axelindia.com

PUBLIC NOTICE

Pursuant to the Securities and Exchange Board of India (SEBI) Circular No. SEBI/ HO / MIRSD/ DOS3/CIR/P/2018/139 dated 06-11-2018, Notice is hereby given that the following Equity Share Certificate(s) of the Company were lodged by the Transferee for transfer of Shares contained therein in their respective name(s).

Folio No.	Transferor's Name	Certi. No(s)	Distinctive Nos.	No. of Shares	Transferee's Name
0012252	Madhu Kheria	55517	3538401 - 3538500	100	Dhani Ram Sharma
0012253	Satyendra Kheria	55518	3538501 - 3538600	100	Dhani Ram Sharma
0009198	Anandraj Bhansali	33785	3078401 - 3078500	100	L Ashok Kumar
0001683	P Jagadeesh Waraiah	19721	1672001 - 1672100	100	L Ashok Kumar
0001683	P Jagadeesh Waraiah	19722	1672101 - 1672200	100	L Ashok Kumar

Any person(S) having a claim in respect of the said Certificate(s) mentioned above, should immediately send full details with documentary evidence of the claim to the Company so as to reach the Company within thirty(30) days from the date of publication of this Notice, failing which, the Company will proceed for transfer of above referred shares in favor of Transferee, as the case may be, without further information, A published copy of this Notice is being posted on Company's website at www.axelindia.com.

For **Axel Polymers Limited**
Sd/-
Jigardan Gadhavi
Company Secretary

Date: 4th June, 2019
Place: Mokshi

Edelweiss
Ideas create, values protect

એડેલ્વેસ્સ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ
રજી.ઓફિસ એડેલ્વેસ્સ હાઉસ, સી.એસ.ટી.રોડ પાછળ, કાલીના, મુંબઈ-૪૦૦૦૯૮

ડિમાંડ નોટિસ, સરફએસી એક્ટ ૨૦૦૨,૧૩(૨) હેઠળ

નીચે દર્શાવેલ તમો દેણદારો, સહ-દેણદારો અને જામીનોએ એડેલ્વેસ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ પાસેથી તમારી અસ્થાયી મિલકતો ગીરવે મૂકીને લોન લીધેલ છે અને તે ચૂકવી શકેલ નથી. તમારી આ કસૂર બદલ તમારી લોન નોન-પરફોર્મિંગ-એસ્સેટ તરીકે એડેલ્વેસ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ દ્વારા વર્ગીકૃત કરવામાં આવેલ છે. આથી તેના તમામ હક્કો, ટાઈટલ્સ, વ્યાજ, લાભો- લોન લેતી વખતે તે નાણાંની સલામતી અને પુનઃચુકવણી અર્થે તમે કરી આપેલ કરાર- દસ્તાવેજમાં દર્શાવ્યા મુજબ, તમારી પાસેથી લેણા રહે છે. એડેલ્વેસ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તે કરારને અનુસરે છે અને બાકી લેણાં વસૂલ કરવા માટે આ ડિમાન્ડ નોટિસ, નાણાકીય સંપત્તિની સલામતી અને પુનઃસ્થાપન તેમજ નાણાં સલામતી ધારાનાં અમલ કરતા કાયદા-૨૦૦૨ ની કલમ-૧૩(૨) હેઠળ પાઠવે છે. જેની વિગત આ સાથે નાણાં સલામતી ધારો-૨૦૦૨ની કલમ-૧૩(૨) ને ૩ (૧) સાથે વાંચતાં, વૈકલ્પિક સેવાર્થે તે મુજબ,પ્રકાશિત કરવામાં આવે છે.

દેણદારો, સહ-દેણદારો, જામીનો, સુરક્ષિત સંપત્તિ, બાકી લેણી રકમ, ૧૩ (૨) હેઠળ મોકલાયેલ ડિમાન્ડ નોટિસ અને તે હેઠળ દાવો કરાયેલ રકમની વિગત નીચે આપવામાં આવેલ છે.

અ. નં.	દેણદારો, સહ-દેણદારો, જામીનોનાં સરનામા અને લોન ની રકમ	સુરક્ષિત સંપત્તિની વિગત	ડિમાન્ડ નોટિસની તારીખ	બાકી લેણી રકમ રૂપિયામાં
૧	પ્રવીણકુમાર આર. જોશી (નાણાં ઉધાર લેનાર) ૧૪, શ્યામલ બંગલોઝ, દેવાશીષ ડુપ્લેક્સ પાસે, વાઘોડિયા-ડભોઈ રિંગ રોડ, સોમા તળાવ, વડોદરા ૩૯૦૦૨૫. કોકિલાબેન પ્રવીણ જોશી (સહ-ઋણકર્તા) ૧૪, શ્યામલ બંગલોઝ, દેવાશીષ ડુપ્લેક્સ પાસે, વાઘોડિયા ડભોઈ રિંગ રોડ, સોમા તળાવ, વડોદરા ૩૯૦૦૨૫. આ સ્થળે પણ: એકમ નં.૧૪, શ્યામલ બંગલોઝ, ડી-માર્ટ સામે, ગુરુકુળ ચાર રસ્તા પાસે, વાઘોડિયા રોડ, વડોદરા ૩૯૦૦૨૫ લોનની રકમ : રૂા.૩૮૦૪૩૯૦/- (રૂપિયા આડત્રીસ લાખ ચૂમાંતેર હજાર ત્રણસો નેવું પૂરા)	મિલકત નં.૧ એકમ નં.૧૪, શ્યામલ બંગલોઝ, ડી-માર્ટ સામે, ગુરુકુળ ચાર રસ્તા પાસે, વાઘોડિયા રોડ, વડોદરા ૩૯૦૦૨૫ આર.એસ.નં. ૩૭૬ મોજે ગામ દંતેશ્વર, વડોદરા, તેના પ્રત્યેક હિસ્સા સહિત. જેનું ક્ષેત્રફળ ૯૮૦ સ્વે.ફૂટ અને કુલ બાંધકામ વિસ્તાર ૧૦૪૩.૧૩ જેની ચો-પાસ સરહદો નીચે મુજબ છે ઉત્તરેઃ એકમ નં.૧૨, દક્ષિણેઃ એકમ નં.૧૫, પૂર્વેઃ એસ નં.૩૭૮/૨ પશ્ચિમે ;૭.૫૦ મીટર પહોળો રસ્તો	૨૮.૦૫.૨૦૧૯	રૂા.૩૮૬૫૧૧૫.૦૫ /- (રૂપિયા આડત્રીસ લાખ પાંસઠ હજાર એકસો પંદર રૂપિયા અને પાંચ પૈસા પૂરા) ડિમાન્ડ નોટિસની તારીખથી વધારાનું વ્યાજ

તમો દેણદારો, સહ-દેણદારો અને જામીનોને આથી ઉપર દર્શાવેલ રકમ વધારાના વ્યાજ સાથે, નોટિસના ૬૦ દિવસમાં ચૂકવી જવા આથી જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં નિષ્ફળ જશો તો નીચે સહી કરનાર અધિકારીને રિકવરી માટે પગલાં લેવાની ફરજ પડશે. જણાવેલ કાયદાની કલમ ૧૩(૧૩) ની જોગવાઈ મુજબ તમે આ સમય દરમિયાન ઉપર દર્શાવેલ મિલકત કોઈને પણ અમારી સંમતિ વિના વેચી, ટ્રાન્સફર, કે ભાડે આપી શકશો નહીં તેની નોંધ લેશો.

સ્થળ : વડોદરા.
તારીખ : ૦૪-૦૬-૨૦૧૯

એડેલ્વેસ્સ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ વતી
અધિકૃત અધિકારી